# નિલોફર નબળુ પડ્યું : ગુજરાત તરફ આગળ વધ્યુ

## સંબંધિતોને વાકેફ કરાયા

**હવામાન વિભાગે તમામને ખતરા અંગે જાણ કરી : મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક અને કેરળના મુખ્ય સચિવોને પુરતી માહિતી અપાઈ : પ્રચંડ પવન ફુંકાય તેવી શક્યતા**

અમદાવાદ, તા. ૨૮

કેન્દ્રના હવામાન વિભાગે આજે સાંજે ૪ વાગ્યે એક બુલેટીન બહાર પાડી વડાપ્રધાન નરેન્દ્ર મોદીથી માંડી ગુજરાતના મુખ્ય સચિવ, મહારાષ્ટ્ર, ગોવા, કર્ણાટક, કેરાલાના મુખ્ય સચિવો તેમજ લક્ષદ્વિપ, દમણ, દિવ અને દાદરા-નગર-હવેલીના એડમીનીસ્ટ્રેટર, કેન્દ્રના કંટ્રોલરૂમ, કેબીનેટ સિક્યુરીટી, કોસ્ટગાર્ડ ઉપરાંત નેશનલ ડિઝાસ્ટર રીસ્પોન્સ ફોર્સને નિલોફર વાવાઝોડાની સંભવિત ભયાનકતા અંગે વાકેફ કર્યા છે. જેમાં નિલોફર વાવાઝોડાની સીધી અસર હેઠળ આવનારા સૌરાષ્ટ્ર અને કચ્છ જિલ્લામાં તા. ૩૧મી ઓક્ટોબરના મધરાત્રીથી ભારેથી અતિભારે વરસાદ પડશે તેવી શક્યતા દર્શાવવામાં આવી છે. આ ઉપરાંત તા. ૩૧મી રાત્રીથી ૪૫ થી ૬૫ કિલોમીટરની ઝડપથી પવન ફુકાશે અને જ્યારે વાવાઝોડુ ત્રાટકશે ત્યારે આ પવનની ગતિ ૧૦૦ કિલોમીટર સુધીની થશે.

આ ઉપરાંત દરિયો તા. ૩૧મી મધરાત્રીથી દરિયો તોફાની બનશે અને દરિયામાં ઉંચા મોજા ઉછળશે જે તા. ૧લી નવેમ્બરથી વધુ રૌદ્ર રૂપ ધારણ કરશે. હવામાન વિભાગે કાચા મકાનો અને ઝુપડાઓનો કચ્ચરઘાણ વળી જશે અને વિજળી તથા દૂરસંચાર વિભાગને પણ નોંધપાત્ર નુકશાન થશે તેવી પણ ભીતી વ્યક્ત કરી છે. જ્યારે વાવાઝોડાની અસર હેઠળ આવતા વિસ્તારોમાં સંખ્યાબંધ વૃક્ષો ધરાશાયી થશે. નિલોફર વાવાઝોડાથી જાનમાલનું રક્ષણ કરવા હવામાન વિભાગે કેટલીક વિશેષ ભલામણો પણ કેન્દ્ર તથા રાજ્ય સરકારોને કરી છે. આ ઉપરાંત માછીમારોને દરિયો નહીં ખેડવા તથા માછીમારી કરવા દરિયામાં ગયેલા માછીમારોને તાત્કાલીક પરત ફરવા સુચના આપવામાં આવી છે. અને ગુજરાતના સંળગ દરિયા કિનારેથી માછીમારી પ્રવૃત્તિને હાલ પુરતી તત્કાલ બંધ કરાવવા તાકીદ કરી છે. દરિયાકાંઠે કાચા મકાનોમાં રહેતા નાગરીકોને સલામત સ્થળે ખસી જવાની સુચના આપવામાં આવી છે અને વાવાઝોડુ ત્રાટકે ત્યારે લોકોને ઘરની બહાર નહીં નીકળવાની ખાસ તાકીદ કરવામાં આવી છે.

**પ્રચંડ વાવાઝોડું ઉત્તર પશ્ચિમ તરફ આગળ વધતા સંકટના વાદળ : સૌરાષ્ટ્ર-કચ્છમાં ૩૧મી મધરાત્રીથી ભારેથી અતિભારે વરસાદ પડશે : દરિયો તોફાની બનશે : ગુજરાત સરકારના પહેલાથી જડબેસલાક તકેદારીના પગલા**


અમદાવાદ, તા.૨૮

પશ્ચિમ મધ્ય અરબી સાગરમાં સ્થિત થયેલું નિલોફર નામનો ભયાનક વાવાઝોડુ આજ બપોરથી ઉત્તર પશ્ચિમ તરફ આગળ ધસી રહ્યું હોવાથી હવામાન વિભાગે ગુજરાતના સૌરાષ્ટ્ર, કચ્છ અને ખાસ કરીને ઉત્તર ગુજરાતને સાવચેત રહેવા ખાસ તાકીદ કરી છે. આ વાવાઝોડુ હાલમાં ગુજરાતના નલીયાથી ૧૦૮૦ કિલોમીટર દૂર સ્થિત છે જે પાકિસ્તાનના ઉત્તર પશ્ચિમ કરાચીથી ૧૧૧૦ કિલોમીટર અને ઓમાનના સલાહા બંદરથી ૮૦૦ કિલોમીટર દૂરથી ગુજરાત તરફ ધસમસતુ આગળ વધી રહ્યું છે જે તા. ૨૯મી ઓક્ટોબરની વહેલી સવારના ૪ વાગ્યા સુધીમાં ઉત્તર ગુજરાતના કિનારાને પ્રભાવિત કરશે. અને તા. ૧ નવેમ્બર બપોરે નલીયા ઉપર ત્રાટકશે તેવી શક્યતા વ્યક્ત કરવામાં આવેલ છે. જો કે ગુજરાત ઉપર ત્રાટકવાની સાથે આ વાવાઝોડુ નબળુ પડશે તેવો પણ હવામાન વિભાગ દ્વારા દાવો કરવામાં આવે છે.

નિલોફર વાવાઝોડાની ભયાનકતા સામે જાનમાલનું રક્ષણ કરવા ગુજરાત સરકારે જડબેસલાક તકેદારીના પગલા ભર્યા છે અને આગામી ત્રણ દિવસ સુધી ગુજરાતના સૌરાષ્ટ્ર વિસ્તારના સુપ્રસિદ્ધ સ્થળો સોમનાથ તેમજ દ્વારકાના પ્રવાસે નહીં આવવા પ્રજાજનોને અપીલ કરવામાં આવી છે. આ ઉપરાંત દરિયાકાંઠે વસતા નાગરીકોને સલામત સ્થળે ખસેડવા માટે તમામ તૈયારીઓ કરી દેવામાં આવી છે. જેમાં કોસ્ટગાર્ડ, નેવી, મરીન પોલીસ તેમજ એરફોર્સને પણ એલર્ટ કરી દેવામાં આવ્યું છે. જ્યારે એનડીઆરએફની જુદી-જુદી ટુકડીઓને સંભવિત અસરગ્રસ્ત વિસ્તારો તરફ રવાના કરી દેવામાં આવી છે. આ ઉપરાંત હેમરેડીયોની ટુકડીઓને પણ કચ્છ-સૌરાષ્ટ્રના વિવિધ સ્થળો મોકલી દેવાઈ છે. આ વિસ્તારોના તમામ સરકારી કર્મચારીઓ તથા પોલીસ અધિકારીઓ તેમજ કર્મચારીઓ રજાઓ રદ કરવામાં આવી છે તેમજ ફાયરબ્રિગેડોને સ્વૈચ્છિક સંસ્થાઓને પણ તૈયાર રહેવાની તાકીદ કરવામાં આવી છે. મુખ્યમંત્રી આનંદીબેન પટેલ નિલોફર વાવાઝોડાની ગતિ તથા તેના સંભવિત અસરગ્રસ્ત વિસ્તારોમાં ઓછામાં ઓછું નુકશાન થાય તે માટે વહીવટી તંત્ર દ્વારા હાથ ધરાયેલા પગલાની રજેરજની વિગતો મેળવી રહ્યા છે અને સૌરાષ્ટ્ર-કચ્છના પોરબંદર, જામનગર, નલીયા, રાજકોટથી માંડીને ઉત્તર ગુજરાતના કેટલાક વિસ્તારોમાં શરૂ કરાયેલા કંટ્રોલરૂમોને સાધન સુવિધાથી સજ્જ કરવામાં આવી રહ્યા છે.




**વડીલોને વંદન**
**અભિનંદન**



ગુણવંતરાય થાનકી
(૧૯૪૧)મો :૯૮૨૮૦૧૭૭૪૮

## વિદેશી બેંકોમાં રહેલા કાળા નાણાં અંગે શ્વેતપત્રની માંગ

**ભાજપ સાથે કનેક્શન ધરાવનારના નામ આપવા માંગ : કાળા નાણાં જમા કરાવનાર લોકોના નામ જાહેર કરવાનો સરકારને શંકરસિંહ વાઘેલા દ્વારા ખુલ્લો પડકાર ફેંકાયો**

ગાંધીનગર, તા.૨૮

ગુજરાત વિધાનસભા વિરોધપક્ષના નેતા શંકરસિંહ વાઘેલાએ પત્રકારોને સંબોધતા જણાવ્યું હતું કે, સ્વીસ બેંક તેમજ વિદેશની અન્ય બેંકોમાં ભારતીયોના કાળા નાણાં જમા છે, તે નાણાં પાછા દેશમાં લાવવા માટે ભાજપે છેલ્લા ૧૦ વર્ષથી યુપીએ-૧ અને યુપીએ-૨ની સરકાર સામે ખૂબ મોટી ઝુંબેશ ચલાવી હતી. ભાજપે ૨૦૧૪ની ચૂંટણી વખતે કાળા નાણાંને ચૂંટણી માટેનો મુદ્દો બનાવ્યો હતો. આ મુદ્દાના આધારે દેશના પ્રજાજનોને ગુમરાહ કરી, છેતરીને, આ કાળુ નાણું પાછું આવશે અને તેમાંથી દેશની જનતાના માથાદીઠ ૧૦થી ૧૫ લાખ રૂપિયા આવસે એવી વાહીયાત વાતો કરી દેશના મતદારો પાસેથી મત મેળવ્યા છે ત્યારે હું ભારત સરકાર પાસે માંગણી કરું છું કે, બારતીય નાગરીકોએ કાળું નાણું સ્વીસ બેંક તેમજ દુનિયાભરની અન્ય બેંકોમાં ભાજપના કહેવા મુજબ જ્યાં મુક્યું હોય તેવા લાગતા-વળગતાઓના નામો જાહેર કરી શ્વેતપત્ર બહાર પાડવું જોઈએ. મોટાભાગે ભાજપના કનેક્શનવાળા નામો આમાં વધારે પ્રમાણમાં હોય તેવું લાગે છે, ત્યારે ફક્ત ત્રણ નામો જાહેર કરીને ભાજપ સરકાર અટકી છે. આ કાળું નાણું પાછું લાવવાની ઝુંબેશમાં સાથ આપનાર બાબા રામદેવ પણ હવે આ મુદ્દે કેમ ચૂપ છે ? તેની સ્પષ્ટતા કરે. કોંગ્રેસના કાર્યકર્તા તરીકે મારી માંગણી છે કે, ભાજપ કે કોંગ્રેસનો કોઈપણ વ્યક્તિ કાળા નાણાં બાબતે સંડોવાયેલા હોય તો, મોટો ચમરબંધી હોય તો પણ તેઓના નામો જાહેર કરે. કાળા નાણાં બાબતે કોંગ્રેસની આડ લઈ ભાજપ સાથે કનેક્શનવાળા નામો છુપાવવાને બદલે જાહેર કરવા જોઈએ



લાભ પાંચમના દિવસે કારોબારીઓ અને વેપારીઓએ શુભમુહુર્તમાં પોતાના રોજગારની શરૂઆત કરી હતી

## વર્ષો સુધી જયાં રહ્યો તે મકાન પચાવી પાડવાનો ભાડુઆતનો કારસો

**સે-પનું મકાન ખરીદી દીધું હોવાની ભાડુઆતની કેફીયત**

ગાંધીનગર, તા.૨૮

ગાંધીનગર શહેરના સે-પમાં સ્થિત એક મકાનમાં વર્ષો સુધી રહેનાર ભાડુઆતે મકાનને પોતે ચેક વડે પેમેન્ટ કરીને ખરીદી કરી લીધું હોવાનું નાટક કરીને મકાન પચાવી પાડવાનો કારસો રચ્યો હોવા અંગેની પોલીસ ફરિયાદ મકાન માલિકે સે-૨૧ પોલીસ સ્ટેશનમાં નોંધાવી છે. સે-૨૧ પોલીસ મથકના પીએસઆઈ બી.કે. અસારીએ આ ગુનાની ઉંડી તપાસ શરુ કરી છે.

શાહપુર ગામમાં રહેતા રામાજી સોમાભાઈ પ્રજાપતિનું એક મકાન સે-પ-એ પ્લોટ નં. ૧૨૯૩/૧ ખાતે પણ છે. આ મકાન વર્ષ ૨૦૦૧થી રામાજીએ મનોજ બાબુલાલ દત્ત અને મીરા મનોજ દત્તને ભાડે રહેવા આપ્યુંહતું. રામાજીએ નોંધાવેલી પોલિસ ફરિયાદ મુજબ હવે તે બંનેએ આ મકાન પચાવી પાડવાનો કારસો રચ્યો છે. ખોટા ચેક પેમેન્ટ કર્યા હોવાનો કિમીયો અપનાવી મકાન પોતે ખરીદી લીધું હોવાની કેફીયત બંને ભાડુઆતો આપી રહ્યા છે. આ છેતરપીંડી અંગે મકાનમાલિક રામાજીની ફરિયાદને આધારે સે-૨૧ પોલીસે ગુનો નોંધી તપાસ શરુ કરી છે.

## અમદાવાદના ડેપ્યુટી મેયર પદે બિપીન સિક્કાની વરણી

અમદાવાદ, તા.૨૮

અમદાવાદ મહાનગરપાલિકાની સામાન્ય સભામાં ડેપ્યુટી મેયર તરીકે બિપીન સિક્કાની બહુમતીથી વરણી કરાઈ હતી. જ્યારે પક્ષના નેતા તરીકે નિકોલના કોર્પોરેટર વનરાજસિંહ ઝાલાની વરણી કરાઈ હતી. અમદાવાદ મહાનગર પાલિકામાં નિવૃત્ત થતાં ડેપ્યુટી મેયર રમેશ દેસાઈ અને પક્ષના નેતા મયુર દવેની મુદત પુરી થતાં નવી ચૂંટણી યોજાઈ હતી.

## મુખ્યમંત્રી અને નાણાંમંત્રી અભિનંદનને પાત્ર છે

નિયામક અન્ન અને ના.પુ. કચેરીના નિવૃત્ત અધિકારી વિરાભાઈ પટેલ

ગાંધીનગર, તા. ૨૭

ગુજરાત સરકારના વિવિધ વિભાગો, ખાતાના વડાઓ, કચેરીના વડાઓ અને જિલ્લા કચેરીઓમાં ગૌણ સેવા પસંદગી મંડળ તથા જાહેર સેવા આયોગ દ્વારા નિમણૂંક પામેલ ફીક્ષ પગારના કર્મચારીઓના માસિક વેતનમાં જે વધારો કરી તા. ૧-૧૦-૨૦૧૪ થી અમલ કરવાનો જે નિર્ણય લેવામાં આવેલ છે તે નિર્ણય ખરેખર પ્રસંશનીય અને સરાહનીય છે. આ ઉમદા નિર્ણય માટે રાજ્યના મુખ્યમંત્રીશ્રી અને નાણાંમંત્રીશ્રી બન્ને મહાનુભાવો અભિનંદનને પાત્ર છે.

## ઓનલાઈન જવાબ દ્વારા આરટીઆઈ વધુ પારદર્શક

ગાંધીનગર, તા. ૨૮

ભારત સરકાર દ્વારા માહિતી અધિકાર કાનુન આરટીઆઈને વધુ અસરકારક બનાવવાના હેતુથી આવતા મહિનાથી તમામ મંત્રાલયોને જવાબો ઓનલાઈન પોસ્ટ કરવા તાકીદ કરવામાં આવી છે. આરટીઆઈ અંતર્ગત અરજદાર તરફથી માંગવામાં આવેલ માહિતીનો જવાબ હવે ઓનલાઈન થવાથી દરેક વ્યક્તિ તેને જાણી શકશે અને વધુને વધુ નાગરિકોને તેનો લાભ મળી શકશે.

કેન્દ્રમાં જ્યારથી નરેન્દ્ર મોદીની સરકાર સભામાં આવી છે ત્યારથી દરેક ખાતામાં અનેક પ્રકારના આવકારદાયક નિર્ણયો ઝડપથી લેવાઈ રહ્યા છે. આજ કામગીરીમાં મોદી સરકારે માહિતી અધિકાર કાયદાને પણ આવરી લઈ તેના તમામ મંત્રાલયોને આરટીઆઈની અરજીનો જવાબ હવે ઓનલાઈન કરવાનું ફરમાન કર્યું છે. જેના કારણે હવે આ માહિતી તમામ નાગરિકો માટે ઉપલબ્ધ થશે અને કોઈપણ નાગરિક સરકાર દ્વારા આપવામાં આવેલ માહિતીનો ઉપયોગ કરી શકશે. સરકારના પર્સોનલ અને ટ્રેનિંગ વિભાગ દ્વારા આ અંગે તમામ કેન્દ્રિય મંત્રાલયોને સત્તાવાર મેમો આપી જાણ કરી દેવાઈ છે અને આ નિર્ણયને વહેલી તકે લાગુ પાડવા તાકીદ કરવામાં આવી છે. આ નિર્ણય તા. ૩૧મી ઓક્ટોબરથી અમલમાં આવનાર છે. આ નિર્ણયનો અગાઉની યુપીએ સરકાર દ્વારા અમલ કરવા પ્રયત્ન કરાયો હતો પરંતુ થઈ શક્યો નહોતો પરંતુ હવે મોદી સરકાર દ્વારા ડિઝીટલ ઈન્ડીયાના પ્લાનના એક ભાગ તરીકે આ અમલીકરણ શક્ય બનાવવામાં આવનાર છે.

### રજાઓ રદ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વન વિભાગ અને માર્ગ-મકાન વિભાગને સુયોગ્ય સંકલન સાથે રાહતની કામગીરી માટે કડક તાકિદ કરવામાં આવી છે.

નિલોફર હાલ તો અરબી સમુદ્રમાં છે અને તે ૧૧૦૦ કિ.મી. કચ્છ સરહદેથી દૂર છે. તે ફંટાઈ પણ શકે છે એટલુ જ નહિ તેની ગતિ મંદ પણ પડી શકે તેવી શક્યતાના નિર્દેશ છે. જો કે આ વાવાઝોડાને કારણે પવનની ગતિ વધી શકે છે તેમજ લો પ્રેશર સિસ્ટમ ડેવલપ થતાં વરસાદી માહોલ પણ છવાઈ શકે છે. તંત્રએ આ બધી બાબતોને લઈ પુરતી કાળજી સાથે પરિસ્થિતિ પર સતર્કતા દાખવવા જણાવાયું છે.

જિલ્લામાં ચોમાસાની સ્થિતિ બાદ પહેલીવાર તંત્રને એલર્ટ મોડ પર મુકવામાં આવ્યું છે.

### સેવાઓ સજ્જ

● અનુસંધાન પહેલાનું ચાલુ

વ્યક્ત કરી છે. નિલોફર વાવાઝોડુ નબળુ પડે તો પણ ગુજરાતના દરિયા કિનારાના વિસ્તારમાં ભારે પવન સાથે નુકસાનની શક્યતાઓ પણ હવામાન વિભાગે વ્યક્ત કરી છે. આ વાવાઝોડુ ગુજરાતના દરિયા કિનારે ત્રાટકે તો તેની ગતિ પણ ૧૨૦થી ૧૫૦ કિ.મી. સુધીની હોવાનો અંદાજ પણ લગાવાઈ રહ્યો છે. રાજ્ય સરકાર દ્વારા વાયુદળ, કોસ્ટગાર્ડ, આર્મી, ૧૦૮ એમ્બ્યુલન્સ, મોબાઈલ યુનિટ વાન, ફાયર, ડિઝાસ્ટર મેનેજમેન્ટની ટીમથી લઈને તમામને એલર્ટ પર મુકી દેવામાં આવ્યા છે. જેમાં રાજ્યની ૧૦૮ ઈમરજન્સી સેવા દ્વારા પાટણ, બનાસકાંઠા, કચ્છ, જામનગર સહિતના દરિયા કિનારે ૭૭ જેટલી ૧૦૮ એમ્બ્યુલન્સ મુકી દેવામાં આવી છે. પાટણમાં ૧૪, બનાસકાંઠામાં ૨૨, જામનગરમાં ૧૫ અને કચ્છમાં ૨૬ એમ્બ્યુલન્સ જ્યારે પાટણમાં ૧, બનાસકાંઠામાં ૧, જામનગરમાં ૨ અને કચ્છમાં ૧૦ જેટલી મોબાઈલ હેલ્થ યુનિટ મુકવામાં આવી છે. ઉપરાંત નિલોફર વાવાઝોડાની પરિસ્થિતિને પહોંચી વળવા રાજ્યના પોલીસ વડા પી.સી. ઠાકુરે પોલીસ વિભાગના તમામ પોલીસ અધિકારી કર્મચારીઓની રજા રદ કરી છે. અને તા. ૨૯મી ઓક્ટોબરના કલાક ૮ વાગ્યા સુધીમાં પોતાની ફરજ પર હાજર થવા આદેશો આપી દીધા છે.

રાજ્યના કંટ્રોલ રૂમ દ્વારા એસ.આર.પી.ની કુલ ૧૧ ફલડ રેસ્ક્યુ કંપનીઓ પૈકી ગાંધીધામ (કચ્છ-પૂર્વ) ૦૧, ભૂજ-૦૧, ગીર સોમનાથ-૦૧, પોરબંદર-૦૧, દેવભૂમિ દ્વારકા-૦૧, મોરબી-૦૧ અને જૂનાગઢ ખાતે ૦૧ મળી કુલ ૦૮ કંપનીઓ ફાળવવામાં આવી છે. જ્યારે ૦૩ ફલડ રેસ્ક્યુ કંપની પૈકી ૦૧ અમદાવાદ, ૦૧ નડીયાદ અને ૦૧ વાવ (સુરત) ખાતે રીઝર્વમાં રાખવામાં આવેલ છે. આ ઉપરાંત ગાંધીધામ, ભૂજ, ગીર સોમનાથ, પોરબંદર, જામનગર અને દેવભૂમિ દ્વારકા ખાતે કાયદો અને વ્યવસ્થાની ફરજ માટે એસ.આર.પી.ની એક એક કંપની ફાળવવામાં આવી છે.

### ચેરમેન હટાવાયા

● અનુસંધાન પહેલાનું ચાલુ


ભાજપે અત્યાર સુધીમાં પાંચ સમિતિ પર પોતાની પક્કડ જમાવી દીધી છે. હવે માત્ર કારોબારી અને શિક્ષણ સમિતિ જ કોંગ્રેસ હસ્તક રહી છે. જો કે કારોબારીની સત્તાઓ પાછી ખેંચી લઈ અને સામાન્ય સભા હસ્તક મુકવામાં આવેલી છે જે ઉલ્લેખનીય છે.

આજે જિલ્લા પંચાયત ખાતે કોંગ્રેસ પ્રમુખશ્રી જશુભા રાણાની પણ હાજરી હતી જે નોંધનીય છે. દિપાવલી પછી પંચાયતના કર્મચારીઓને નવા વર્ષની શુભેચ્છા આપવા તેઓ પંચાયતમાં આવ્યા હતા. તેમને જિલ્લા પંચાયતના પ્રમુખ શ્રીમતિ હીના પટેલ પણ મળ્યા હતા અને શુભેચ્છાની આપ-લે કરી હતી.

ગાંધીનગર જિલ્લા પંચાયતમાં શિક્ષણ સમિતિ અને કારોબારી સમિતિ માટે હવે શું વ્યુહરચના ભાજપ અપનાવે છે તેમજ નવા બે ચેરમેનોની નિયુકતીને લઈ પંચાયતના રાજકારણમાં હાલ ગરમાવો છવાયેલો છે.

ભાજપના અંતરંગ સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે પાંચમી નવેમ્બર સુધીમાં બે નવા ચેરમેનોની નિયુકિત કરી દેવામાં આવશે.

## શબ્દાવલી - ૫૫૪૩



### આડી ચાવી

- ૧. આરામ આપે તેવું (૬)
- ૬. સાજન, પતિ (૩)
- ૭. અમરવેલ, એક વેલ (૨)
- ૮. સ્ત્રી જાતિ (પશુમાં) (૨)
- ૯. સ્વીકારનો અભાવ (૪)
- ૧૦. નર્ક, જહન્નમ (૩)
- ૧૨. એક ધાન્ય (૨)
- ૧૪. મધમાખી... બનાવે (૨)
- ૧૬. બ્લેન્કેટ, ધાબળો (૩)
- ૧૭. એક ફળ (૪)
- ૧૯. ચોકલેટ, પીપરમેન્ટ (૨)
- ૨૦. બોલબોલ કર્યા કરે તેવું(૫)
- ૨૧. શિક્ષા, દંડ (૨)

### ઊભી ચાવી

- ૧. આકાશ, નભ (૪)
- ૨. રહસ્ય જાણનાર ભાગીદાર (૪)
- ૩. વિચારવાનું કામ કરતી ઇન્દ્રિય (૨)
- ૪. કીર્તિશાળી, યશ મળે તેવું (૩)
- ૫. નીડ, પંખીનું ઘર (૨)
- ૭. સ્વાર્થ, જરૂર (૩)
- ૧૧. એક રોગ, પીળીયો (૩)
- ૧૩. બાષ્પ (૩)
- ૧૫. કિંમત, ભાવ (૨)
- ૧૬. મેશ (૩)
- ૧૭. વા બારી, મકાનમાં બારીઓ ઉપરાંત નાના કાણાવાળી જાળી(૩)
- ૧૮. એક શાક (૩)
- ૧૯. કૃષ્ણની રાધા સિવાયની દિવાની સ્ત્રી (૨)

### શબ્દાવલી ૫૫૪૨ના જવાબ

**આડી ચાવી :-** (૧) આમાન્યા (૪) ગિરનાર (૬) વરત (૭) રજામંદ (૮) દામીની (૧૧) ધરમધક્કો (૧૪) હાહાકાર (૧૬) કરા (૧૭) જરીકામ (૧૮) સરકો (૨૦) સુદ

**ઊભી ચાવી :-** (૧) આવરદા (૨) માર (૩) ન્યાત (૪) ગિરજાઘર (૫) નારદ (૯) મીતાહારી (૧૦) કક્કો (૧૧) ધરમધક્કો (૧૨) મકસદ (૧૩) ધરાર (૧૪) હાજરી (૧૫) કાકાજી (૧૯) કોડ

C. PVC, UPVC
BATH FITTINGS
STEEL • PIPES • SHEETS
TMT BARS - ISI
ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

**ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં ખાસ વળતર**
શ્રી યોગીકૃપા ખાદી ગ્રામોધોગ વિકાસ સંઘ, મોડાસા દ્વારા સંચાલિત
**યોગીકૃપા ખાદી ભવન ગાંધીનગર**
ગાંધી જયંતિ નિમિત્તે ખાદીમાં વિશેષ વળતર
ગુજરાત સુતી ખાદી ૨૫% વળતર
પોલીવસ્ત્ર ખાદી ૨૫% વળતર
પરપ્રાન્ત ખાદી ૧૫% વળતર
રેશમ ખાદી ૧૫% વળતર
ગરમ ખાદી ૧૫% વળતર
અમારે ત્યાં શેત્રંજી, આસન, આસનપટ્ટા, નાહવાના રૂમાલ, હાથરૂમાલ, બેડશીટ, પીલોકવર, ચોરસ ગાદી, તૈયાર લેંઘા, ઝભ્ભા, સદરા, સુતરાઉ ખાદી, પોલીવસ્ત્ર ખાદી, ગરમ ખાદી અને ગ્રામોધોગ સાબુ, લિમડા સાબુ તથા સરકારશ્રી દ્વારા માન્ય ફર્નિચર મળશે.
સંસ્થાના અન્ય કેન્દ્રો : ● ગ્રામોધોગ ગાંધી હાટ, સ્ટેશન રોડ, મોડાસા ● યોગીકૃપા ખાદી ભંડાર - સ્ટેશન રોડ, મેઘરજ ● યોગીકૃપા ખાદી ભંડાર - આકાર કોમ્પલેક્ષ, ભિલોડા ● અંબિકા ખાદી ભવન, પૂર્ણિમા કોમ્પલેક્ષ, અંબાજી
● પ્રમુખશ્રી - ઉષાબેન કે. ત્રિવેદી ● મંત્રીશ્રી - ધરમેન્દ્ર સી. યોગી
● વ્યવસ્થાપક - જશવંત સી. યોગી
નોંધ : તા. ૨/૧૦/૧૪ થી તા. ૩૧/૩/૧૫ સુધી વળતરનો લાભ આપવામાં આવશે.